


## સલામી સવારની..

*જો જો! બળુકો પગ ઉતાવળે પેંચાઈ ન જાય!*
*જો જો! કોઈ ખોટી વ્યક્તિનો પગ ખેંચાઈ ન જાય!*
*'આઉટ' થઈ જવાય કદી ખોટા ઉશ્કેરાટમાં -*
*જો, જો! આબરૂ ઓચિંતી સસ્તામાં વેંચાઈ ન જાય!*
*(કબડ્ડીમાં, મને પણ પગ ખેંચતાં આવડે છે!)*
*- આનંદીબેન*

હાઈકુ

*'કેટલું ભણ્યાં!'*
*એટલે નહીં, પણ -*
*ભણાવ્યું કેવું?!*
*(એટલે પણ પરીક્ષા લ્યો!)*

*દુર્ગુણોત્સવે!*
*શાળાનો ફૂટયો ભાંડો -*
*લાલીયા વાડી...*
*(ધો.૭ સુધી નિરક્ષર વિદ્યાર્થી)*

## ચિંતન

**ક્ષીરાર્થિનઃ કિં કરિવ્યાઃ**

આ વાત ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ચાણક્ય કહે છે દૂધનો ઈચ્છુક હાથણી ને શું કરે?

જેને દૂધની આવશ્યકતા હોય અને કોઈ હાથણી આપે તો એ વ્યક્તિને શું કામ આવવાની હતી? એ વ્યક્તિને તો ગાય કે ભેંસની આવશ્યકતા હોય છે, નહીં કે હાથણીની. તાત્પર્ય એ કે જયારે જેની આવશ્યકતા હોય એ જ વસ્તુ કામમાં આવે છે. પછી ભલે ને તે નાનકડી કેમ ના હોય.

જયાં સોયની જરૂર હોય ત્યાં તલવારનું શું કામ? જયાં તે વસ્તુ વ્યક્તિ ઉપયોગી હોય, અનુભવી હોય, નિષ્ણાત હોય ત્યાં તે જ વ્યક્તિ કામ આવે.

'શરીર'નું જ્ઞાન ધરાવનાર તબીબ કોઈ યાંત્રિક વસ્તુના રીપેરીંગનો કક્કો પણ ન જાણતા હોય એવું બને છે.

અહીં દૂધની આવશ્યકતા હોય ત્યારે જરુરી દુઝાણું જ મહત્ત્વનું - ઉપયોગી બને છે. બકરી મળે તો ય ઘણું - હાથણીની શી જરૂર?

## સુવિચાર

- બીજાને છેતરતાં પહેલાં માણસે પોતાની જાતને છેતરવી પડે છે - **સૌરભ શાહ**
- પારકાંઓની નિંદા ભવગત પ્રાપ્તિમાં બાધા સર્જે છે - **ડોંગરેજી**
- સત્યના દર્શન માટે આંખો શાંતિની જોઈએ - **રજનીશ**
- તમને મળતી રિદ્ધિ, સિદ્ધિ અને પ્રસિદ્ધિ નહીં, આત્માની પ્રસન્નતા એ જ પરિશ્રમનો સાચો પુરસ્કાર છે - **પુનિત મહારાજ**
- મન ખરી ન પડે ત્યાં સુધી મૌન અધૂરું, મૌનની પૂર્ણતા તે નિર્વાણ - **ગુણવંત શાહ**
- જીવન અનિત્ય છે અને જેટલી ક્ષણો તમે કરૂણામય બનીને જીવો છો, તે જ સાર્થક ક્ષણો છે - **બુદ્ધ**
- આજનું ઔષધ : દાઝ્યાની જગ્યાએ પાકા કેળા મસળીને લગાવી પાટો બાંધી દેવાથી તરત જ બળતરામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

વૈજ્ઞાનિકો દવાઓ, યાંત્રિક શોધો વગેરે જે કંઈ કરે તે સમાજસેવા માટે હોવી જોઈએ, વિનાશ માટે નહીં - સત્તા-પદ પણ એક સાધન-હથિયાર છે, લોકસેવા માટે જ તેનો ઉપયોગ થવો જોઈએ - કોઈના વિનાશ કે વેરના બદલા માટે એ 'સાધન' નો ઉપયોગ ન થવો જોઈએ.

ભસ્માસૂરને વરદાન હતું જેના માટે હાથ રાખે તે ભસ્મ થઈ જાય! ભગવાન વિષ્ણુએ નૃત્ય દ્વારા તેનો સંમોહન કરી તેને હાથે જ વિનાશ કરાવ્યો. શ્રુતાયુદ્ધ કઠોર તપ કરી ભગવાન શિવને પ્રસન્ન કર્યા અને એવી ગદા માગી જેના પર તે ફેંકે તેનો અવશ્ય નાશ કરે! શિવજીએ ગદા આપતાં કહ્યું ધર્મયુદ્ધમાં પણ જો કોઈ નિહથ્થા-હથિયાર વિનાનો હોય તેના પર જો તું આ ગદા છોડીશ તો તારો જ નાશ થશે!

કુરુક્ષેત્રમાં ધર્મયુદ્ધ ચાલતું હતું આજે શ્રુતાયુદ્ધે દુર્યોધનને વચન આપ્યું હતું કે અર્જુનને મારીને જ આવશે. કૃષ્ણ ભગવાન આ જાણી ગયા - શ્રુતાયુદ્ધ યુદ્ધમેદાને જતો હતો ત્યાં રસ્તામાં ઊભા રહ્યા અને વિના કારણ જોર જોરથી હસવા લાગ્યા. શ્રુતાયુદ્ધ કારણ પૂછ્યું - કૃષ્ણ હસતા રહ્યા - ગુસ્સે થઈ ગદા છોડી - કૃષ્ણ નિહથ્થા હતા. ગદા પાછી વળીને શ્રુતાયુદ્ધનો જ નાશ થયો.

# ઓબામાએ અમેરિકાનું કલંક ભૂંસ્યું?

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ જાપાન પર અણુબોમ્બ વર્ષા કરીને ઇતિહાસમાં સહસ્ત્રાબ્દીઓ સુધી યાદ રહે એવી નૃશંસલીળા આચરી હતી. આ ઘાતકી પગલું લઈ અમેરિકાએ એની રાક્ષસી તાકાતનો વિશ્વને પરચો પૂરો પાડ્યો હતો. જાપાનમાં બે શહેરો હીરોશીમા અને નાગાસાકી સંપૂર્ણપણે રાખમાં રોળાઈ ગયાં હતાં; લાખો માણસો મોતને ભેટ્યાં હતા અને જે બચી ગયાં હતાં એમની જિંદગી નરકમાં ફેરવાઈ ગઈ હતી. આ ભયંકર ત્રાસદી બદલ અમેરિકા તરફ ધુનિયા આખી આજ પર્યંત ફિટકાર વરસાવતી રહી છે. રેડિયેશનની વિકૃત અસરોથી પેઢીઓની પેઢીઓ અમેરિકાના આ ભયજનક ચહેરાને ખુલ્લો પાડતી રહી છે. અણુ બોમ્બના જનકને સ્વપ્નેય કલ્પના ન હતી કે પોતાની મહાન વૈજ્ઞાનિક શોધને માનવહિતને બદલે માનવસંહાર માટે આટલો ખતરનાક દુરુપયોગ પણ થઈ શકશે. એ અક્ષરશઃ પાગલ થઈ ગયો હતો. વળી દુનિયાની બીજી પ્રજાઓને પણ અમેરિકાની આ રાક્ષસી તાકાત સામે ટક્કર લેવા માટે અણુબોમ્બ વિકસાવવા મજબૂર બનવું પડ્યું હતું. બદલાયેલા સંજોગોમાં અમેરિકા સાથે એનો ત્રાસ વેઠીને પુનર્જીવિત થયેલા જાપાને પણ મીઠા સંબંધો કેળવ્યા, એટલું જ નહીં - એક પ્રજા તરીકે એશિયાનો આ ઊગતા સૂરજનો દેશ વિશ્વમાં 'નંબર વન' બની ગયો. પરંતુ અમેરિકાએ આચરેલા જુલમોની દાસ્તાન એટલી કરુણ હતી કે જાપાનની મુલાકાતે જનાર અમેરિકન પ્રમુખો કયારેક હિરોશીમા જઈને અણુબોમ્બનો ભોગ બનેલા નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલી સુદ્ધાં આપવાનું સાહસ કે વિવેક નહોતા દાખવી શક્યા. પોતાની રાષ્ટ્રપ્રમુખ તરીકેની બીજી ટર્મની સમાપ્તિ પૂર્વે બરાક ઓબામાએ આ કામ કરીને વિશ્વશાંતિના સાચા દૂત તરીકેની ઈમેજ ઊપસાવી છે. ઓબામા સામે અમેરિકાના રાષ્ટ્રીય સ્વાભિમાનનો પ્રશ્ન પણ હતો જ. તેથી હિરોશીમાની મુલાકાત લેવા જવાનું જાહેર કરતી વખતે જયારે એમને પ્રશ્ન કરાયો કે શું તમે અમેરિકા તરફથી હિરોશીમાના શહીદો અને જાપાનની માફી માગશો? ઓમાબાએ ધીરગંભીર સ્વરે કહ્યું હતું કે પોતે અમેરિકાના આ કૃત્યને વાજબી કે ગેરવાજબી ઠેરવવાથી વેગળા રહી મૃતકોને શ્રદ્ધાંજલી આપશે. જે - તે શાસકો એ સમય અને સંજોગો અનુસાર નિર્ણય કરવો પડયો હોય છે. જાપાન પર યુદ્ધજવરથી પીડાતા અમેરિકાએ અણુબોમ્બ હુમલો કરવાનો કઠોર નિર્ણય કરવો પડ્યો હશે તે, તે સમયની જરરિયાત હશે. તેથી પોતે પોતાના પૂર્વસૂરિઓએ લીધેલું પગલું ખોટું જ હતું, એવું નહીં કહી શકે અને જાપાનની માફી માગીને અમેરિકાના સ્વાભિમાનને ઘસરકો નહીં પહોંચાડી શકે. ઓબામાએ શહીદ પાર્કમાં જઈ શ્રદ્ધાંજલિ આપી મૌન પાળ્યું અને એમના વકતવ્યમાં કહ્યું કે પરમાણું હુમલાને આપણે હુમલા તરીકે નહીં પરંતુ આપણને જાગ્રત કરવાના પ્રારંભ તરીકે જોઈએ તો ઉચિત ગણાશે. ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન ન કરીએ, એ માટેનો આ મોટો બોધપાઠ છે. વિશ્વને પરમાણુ હથિયારોની જરુર ન જ રહે, એવી દુનિયાના નિર્માણ તરફ આગળ વધવું પડશે.

**તંત્રીસ્થાનેથી...**

# પ્રેમમાં રાહ જોવી એટલે વફાદારી કે મુર્ખામી?

જાણીતા અંગ્રેજી નવલકથાકાર ચેતન ભગતે લખ્યું છે કે "જે તમને પ્રેમ કરે છે એ જ તમને રિબાવી શકે છે. જે તમને પ્રેમ કરે છે એ જ તમારા ઉપર ગુસ્સો પણ કરે છે. જેને તમે પ્રેમ કરો છો એ જ તમને રાહ પણ જોવડાવે છે. શું તમે કોઈના માટે રાહ જોઈ છે?" પ્રેમની ફિલિંગ્સ્ તો બરાબર છે, પરંતુ પ્રેમમાં રાહ જોવી એટલે વફાદારી કે મુર્ખામી?

પ્રેમમાં રાહ જોવી એટલે વિશ્વાસ. આપણને વિશ્વાસ હોય કે જેણે આપણને વચન આપ્યું છે એ વ્યક્તિ વચન પાળશે, આપેલો કોલ અને બોલાયેલો બોલ પાળશે. દરેક સંબંધના પાયામાં શ્રદ્ધા અને વિશ્વાસ રહેલા હોય છે. એ વિના સંબંધ ડગમગી જાય છે. બોલાયેલા બોલ અને કહેવાયેલા કે નહીં કહેવાયેલા શબ્દોનું પાલન એટલે કે વચનપાલનનું દરેક સંબંધમાં મહત્વ છે. બોલાયેલું પાળવામાં ન આવે તો એવા સંબંધ તકલાદી બનીને તૂટી જતા હોય છે.

એક પરદેશી પ્રિયજનની રાહ જોવાની રસમ થોડા વખત પહેલા અખબારોની હેડલાઈન બની હતી. વાત જાણે એમ હતી કે આ પરદેશી બાબુ પાછલા ત્રીસ વર્ષથી એક રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર એક એવી યુવતીની રાહ જોઈ રહ્યો હતો કે જે યુવતીએ તેને ત્રીસ વર્ષ પહેલા મળ્યા પછી છુટા પડતી વખતે છેલ્લે એમ કહ્યું હતું કે "હું આવતીકાલે બરાબર આ જ સમયે ટ્રેનમાં આવીને આ સ્ટેશને ઉતરીશ અને તને મળીશ."

આ પરદેશી યુવાન બિચારો પેલી યુવતીના શબ્દો અને વચન ઉપર વિશ્વાસ રાખીને દરરોજ સાંજના ટ્રેનના સમયે તેની રાહ જોતો રહ્યો છે. યુવાનને પોતાના પ્રેમમાં વિશ્વાસ છે કે પોતે જેને પ્રેમ કરે છે એ યુવતી એક દિવસ જરુર આવશે અને પોતાને મળશે. આમ ને આમ લગભગ ત્રીસ વર્ષ ઉપર થઈ ગયા. હજુ સુધી તો એ યુવતી આવી જ નથી. પેલા યુવાને પ્રેમમાં શ્રદ્ધા પુરવાર કરી બતાવી. હજુ આજે પણ તે રાહ જ જોઈ રહ્યો છે. સવાલ એટલો જ છે કે પ્રેમમાં રાહ જોવી એટલે વફાદારી ક મુર્ખામી?

પ્રેમમાં ટાઈમ મેનેજમેન્ટ અને ટાઈમ ઈન્વેસ્ટમેન્ટ ખુબ જરુરી છે. પ્રેમ તમારી રાહ જુએ ત્યારે તમે પ્રેમ માટે સમય ન આપી શકો તો પછી પ્રેમ કદીય તમારી રાહ જોતો નથી. જો કે હકીકત એ છે કે પ્રેમ રાહ પણ જોવડાવે છે અને પ્રેમ એ રીતે તડપાવે પણ છે. આમ તો પરસ્પર વિરોધાભાસી વાત લાગશે પણ પ્રેમમાં "ટાઈમ" પણ આપવો પડે અને સાથે સાથે "સ્પેસ" પણ આપવી પડે.

સમય આપવાની બાબતમાં એક સરસ મજાની વાત યાદ આવે છે. એક પ્રિયાએ હંમેશા બિઝી રહેતા પોતાના પ્રેમીને કહ્યું કે "તને નોકરીમાં કેટલો પગાર મળે છે, યાને એક કલાકના કેટલા રૂપિયા?"

યુવાન તો વિચારમાં પડી ગયો છતા જવાબ આપ્યો કે "કલાકના હિસાબે જોઈએ તો લગભગ એક હજાર રૂપિયા. પરંતુ આવું તું મને કેમ પૂછે છે?"

યુવતીએ હતાશા સાથે પોતાની વ્યથા વ્યક્ત કરી કે "પહેલા તને મારા માટે ટાઈમ મળતો હતો. હવે મને મળવા માટે તારી પાસે ટાઈમ જ નથી. કેમ ખરું ને? એટલે જ હું હવે જો તને એક કલાકનો ટાઈમ આપવાના બદલામાં તને નુકસાન ન થાય એટલી રકમ આપું."

યુવાન શરમાઈ ગયો. તેને પોતાના પ્રેમ માટે ટાઈમ નહીં આપવા બદલ અફસોસ થયો. તેણે કહ્યું કે "આપણા પ્રેમ વચ્ચે પૈસા ક્યાંથી આવ્યા?"

યુવતીએ પણ એ જ પ્રત્યુત્તર વાળ્યો કે "ખરી જ વાત છે તારી. આપણા પ્રેમ વચ્ચે પૈસા ક્યાંથી આવે? તારે ગમે તેમ કરીને ટાઈમ સ્પેન્ડ કરવો જ જોઈએ."

કોઈ પણ સંબંધમાં એકમેકને પૂરતો સમય આપવો જ જોઈએ. સમય કોઈની રાહ જોતો નથી એમ ગયેલો સમય પણ ફરી પાછો આવતો નથી. સમયનું સન્માન કરીને સમય સાચવી લેવો જોઈએ. તમે તમારા પ્રેમને આદર યા સન્માન આપો છો તો એના માટે ટાઈમ આપોઆપ કાઢી લેશો. જો તમે સંબંધ સાચવવા માટે ટાઈમ ન આપી શકતા હોય તો એ સ્થિતિ સુધારી લેવી જોઈએ. નહીં તો સમય રહેશે પરંતુ સંબંધ નહીં રહે.




રાહ જોવા વિશે એક માની શ્રદ્ધાની વાત કરીએ. કોઈ પણ પુરુષને સૌથી વધુ પ્રેમ તેની મા કરતી હોય છે. દરેક મા માટે પોતાનો દીકરો રાજકુમાર હોય છે. પ્રિયતમાનો પ્રેમ કદાચ મા પછીના બીજા ક્રમે આવે એ સ્વીકારવા જેવું સત્ય છે. એક માને ઢળતી ઉંમરે વિધવા હોવા છતા એકલી રાખીને એકનો એક દીકરો અલગ થઈ ગયો. દીકરાએ માને એમ કહ્યું કે પોતે વિદેશ સ્થાયી થયો છે.

થોડા વખત પછી દીકરો માને મળવા આવે છે અને કહે છે કે તે પોતાની સાથે વિદેશ લઈ જવા આવ્યો છે. આથી પરિવારની નિશાનીરુપ મકાન વેચાવી નાખે છે. દર-દાગીના પણ વેચાવીને કેશ કરાવી લે છે. બેન્ક બેલેન્સ પણ ઊપાડી લે છે. બધી જ રોકડ પોતાની પાસે રાખીને માને એરપોર્ટ લઈ જાય છે અને પછી કોઈ બહાને દીકરો એરપોર્ટ પરથી જ ભીડમાં ગાયબ થઈ જાય છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ગડે હુએ મુર્દે તુમ ઉખાડોગે કબ તક?

*મુઝે કેવલ ઈતના બતા દો -*
*ગડે હુએ કિતને મુર્દે તુમ ઉખાડોગે?*
*સૂખ ગઈ કિતની જડો કો તુમ ખોદોગે?*
*યહ એક લંબા સિલસિલા સાબિત હોગા*
*જિસે તુમ પાર નકર પાઓગે*
*આખિરકાર થકકર*
*યા તો મોટી દિવાર સે અપના સર ટકરાઓગે*
*યા ફિર અંધે કુએ મેં ધસતે ચલે જાઓગે...*
*ઉસ ગતિ કી યહી સ્વાભાવિક પરિણતિ હૈ*
*જો સીધે ઔર આગે બઢને કી જગહ*
*ઉલ્ટે પૈરો ચલના ચાહેગી*
*સોચો તો, એક બાર જનમને કે બાદ*
*ક્યા તુમ ગર્ભ મેં વાપસ જા સકતે હો?*
*ઈતિહાસ કા સબબ હૈ કી*
*ન ઉસે મિટાયા જા સકતા હૈ*
*ન સુધારા હી જા સકતા હૈ*
*કેવલ*
*આજ ઔર ઈસ ક્ષણ ઉસે બનાયા જાના સંભવ હૈ*
*જબ કી તુમ તો ઉસે મહજ પગુરાને પર તુલે હો...*
*- અજિત કુમાર*

ઘણા વ્યક્તિને પાછળ જ જોયે રાખવાની ટેવ હોય છે, કોઈ દિવસ આગળ જોઈને ચાલવાની આદત નથી હોતી... આપણે ભૂતકાળના ભોરિંગમાંથી બહાર આવતા નથી. જીવનમાં સંઘર્ષ કરતા કરતા નિષ્ફળતા મળી હોય અને ખૂબ જ પરિશ્રમ પછી સફળ થવાની આશા બંધાય ત્યારે પણ ભૂતકાળમાં પોતે કેવા કેવા કારણોસર ખતા ખાધી હતી તે યાદ કરીને આવનારી સફળતાના આનંદને પણ વિષમય બનાવી દે છે...

થઈ ગયું તે થઈ ગયું, તમે કે હું એ બદલી શકવા સમર્થ નથી. ભૂતકાળ બદલાતો નથી અને ભવિષ્ય ભાખી શકાતું નથી. આપણા હાથમાં આજ છે અને તેને બગાડવી કે સુધારવી તેના અધિષ્ઠાતા આપણે જ છીએ. જે આપણા હાથમાં છે, તેનું મહત્ત્વ આપણને હોતું જ નથી.

**અરે ભાઈ! કાંઈ સારું નથી યાદ રાખી શકતા તો કટુ યાદોને શું કામ સ્મરે રાખો છો?**

બદલાતા મૌસમ સાથે બદલાતી દુનિયાનો મિજાજ પણ ગરમ અને ઠંડો થતો જાય છે, આપણે પણ આ ઈંટ પત્થરની દુનિયામાં પળે પળે જીવવાનું છે, મરવાનું છે, આપણી પહેલા પણ આ દુનિયા હતી અને આપણા ગયા પછી પણ આવી જ દુનિયા રહેવાની છે, અફસોસ અને ટોમેટો સોસ કરે રાખીને ભૂતકાળના ઘાવને વારંવાર ટૂથપિકથી ખોતરે રાખવાથી શું વળે?

જૂની અદાવત અને જૂની વાતો મનમાં સંઘરી રાખવાથી કશો ફેર પડવાનો નથી... માનવ સ્વભાવની ખાસિયત એ છે કે એકવાર વિચાર ચાલુ થાય પછી સૈનિકની પરેખ ચાલતી હોય તેમ એક-દો-એક-દો કરતા વિચારો અવિરત અસ્ખલિત રુપે આવે છે, ભૂતકાળનો એક કારમો પ્રસંગ યાદ કરો તો બીજા સત્તર વણબોલાવ્યા દોડ્યા આવે છે.

ભૂતકાળના ભવ્ય ઈતિહાસને યાદ કરીન ગર્વ લેવો જોઈએ અને તેના દ્વારા આત્મવિશ્વાસ મેળવીને ભવિષ્યમાં સફળતા પ્રાપ્ત કરવી જોઈએ... કમનસીબી એ છે કે આપણે ભૂતકાળનો ભવ્ય સમય વાગોળતા નથી, પણ અણીદાર કાંટાળો દોહ્યલો સમય યાદ કરીને રોદણા રોતા હીએ છીએ...

અને આ આવડત આપણને જાણે ગળથૂથીમાં શિક્ષણમાં જ પીવડાવવામાં આવી છે... ભૂતકાળમાં શિવાજીએ અને રાણા પ્રતાપે કરેલા પરાક્રમને યાદ નહીં કરવાનું પણ મોગલોની આપણા પરની તાનાશાહી યાદ કરીને રડે રાખવાનું, ભગતસિંહ-સુખદેવ,આઝાદ જેવા નવલોહિયા યુવાનોએ દેશ માટે બલિદાન આપ્યા તે યાદ નહીં કરવાનું પણ અંગ્રેજોએ આપણા પર કેટલા વર્ષો સુધી રાજ કર્યું તેનો હિસાબ રાખવાનો...

અરે ભાઈ! કાંઈ સારું નથી યાદ રાખી શકતા તો કટુ યાદોને શું કામ સ્મરે રાખો છો?




પરંતુ સહાનુભૂતિ ઉઘરાવવાની આદતવાળા આપણને ઘણીવાર બિચારા-બાપડાની ઓળખ છૂપો આનંદ આપે છે. ઈતિહાસમાંથી શીખ મળે છે ન તો એ ભૂસી શકાય છે કે ન તો એને બદલાવી શકાય છે... ભૂતકાળની ભૂલને પંપાળી પંપાળીને મોટી કરવાની આદતને પડતી મૂકીએ...

ઉપરની કવિતામાં કવિએ જે માર્મિક કટાક્ષ કર્યો છે, કે વિચારી તો જુઓ એક વાર જન્મ લીધા પછી પાછા ગર્ભમાં જવું શક્ય છે?

કોઈ સગાને ત્યાં લગ્ન હોય ત્યારે કોઈ સ્નેહી વળી બીજાને કહેતો હોય કે છોકરીને જોવા છોકરા તો ઘણા બધા આવતા હતા, પણ બધા ના પાડી પાડીને જતા રહેતા હતા... અત્યારે માંડ માંડ લગ્ન થાય છે...

કોઈની નવી દુકાનના ઉદ્‌ઘાટનમાં આઈસ્ક્રીમ ખાતા ખાતા વળી પાછા કો'ક ચોવટીયા કહેવશે કે, આ ધંધાના હાલ પણ પહેલાની જેવા જ થવાના છે? યાદ છે ને! પેલી શેરબજારની ઑફિસ રાતોરાત વેંચવી પડી હતી.

અરે વાહ! આ તે કેવી માનિસકતા છે? અરે પોઝિટિવ જુઓને યાર! શેરબજારની ખોટ ખાધા પછી, તેના દેવા ચૂકતે કરીને હવે નવું સાહસ કરવા કમર કસે છે, તો ખાડા શીદને ખોદો છો?

સો વાતની એક વાત ગઈકાલને ભૂલી જાવ આજમાં જીવો, એક એક પળને પકડીને તેનો આનંદ લો, કારણ કે આજનું સારું કર્મ આવતીકાલ સુધારશે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# પોતાના રસ-રૂચિના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા એ દિશામાં જયારે યોગ્ય નિર્ણય સાથે-આયોજનપૂર્વક ડગલા ભરાય ત્યારે ચોક્કસપણે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે

'ધોરણ બારનું મારું પરિણામ આવ્યુ છે એવા ફોન તમે કોઈને કરતા નહિ' એમ કહીને વિશ્વા રડી પડી.

સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકે ઓળખાતા મહુવા ગામનો એક પરિવાર આર્થિક ઉપાર્જન માટે પહેલા ભાવનગર અને પછીથી અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવીને સ્થાયી થયેલો. આ પરિવારની મોટી દીકરી વિશ્વા એના પપ્પા ઉત્પલની લાડકી દીકરી હતી. એ નાની હતી ત્યારે નૃત્યમાં અને ગરબે ઘુમવામાં નિષ્ણાંત હતી. તમામ નાની-નાની દીકરીઓની જેમ એને ગોરમા પુજવા કે ગરબે ઘુમવું અને ધૂળેટી રમવા જેવા ઉત્સવો માણવા ગમતા હતા. પરિવારમાં સહુએ નોંધ્યું કે એને ચિત્રકળામાં વિશેષ રસ છે એટલે અમદાવાદમાં સ્થાયી થયા પછી એને સારા ચિત્રકાર થઈ શકાય એ દિશામાં અભ્યાસ માટે ચિત્રકલાના વર્ગોમાં મોકલી અને વિશ્વાએ ચિત્રકલા ક્ષેત્રે પોતાની સૂઝ બતાવીને ઉંમર પ્રમાણે ખુબ સારા કહી શકાય તેવા ચિત્રો તૈયાર કર્યા. ગ્લાસ પેઈન્ટીંગ અને કેનવાસ પેઈન્ટીંગમાં પણ એ રસ લેવા માંડી. પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો ત્યાં સુધીમાં બધાને એવી પ્રતીતિ થવા માંડી હતી કે એ ભવિષ્યમાં ફાઈન આર્ટ્સના ક્ષેત્રમાં કારકિર્દી બનાવશે તો જરુર સફળ થશે.





દાદા-દાદી સાથે સંયુક્ત પરિવારમાં ઉછરેલી વિશ્વાના મમ્મી-પપ્પા બંને પોતપોતાની રીતે જાત મહેનત કરીને આર્થિક રીતે સ્વનિર્ભર હતા. ભારતના મોટાભાગના પરિવારો મધ્યમ વર્ગના છે એવો જ આ પરિવાર હતો. પરિણામે બાળકોના ભવિષ્ય માટે પણ એક ચોક્કસ મર્યાદા સુધી જ ખર્ચ કરવો પરવડશે એવી ખાત્રી પરિવારના સહુને હતી. દરમિયાન ધોરણ ૧૦ની પરિક્ષામાં વિશ્વાને સારા માર્કસ આવતા તેના મમ્મી-પપ્પા રાજી થયા અને એની ભવિષ્યની કારકિર્દી વિશે ચિંતિત થઈને વિચારતા થયા. પરિવારના સભ્યો કહેતા કે હજી તો આરંભ છે, અને એ પણ સિદ્ધિઓના શિખર સાથેનો તો નથી જ. છતાં તેના પિતાને સહજપણે એની માટે વિશેષ પક્ષપાત હતો. એમને એવું જ લાગવા માંડ્યુ કે હવે તો મારી દીકરી બસ થોડા જ સમયમાં કારકિર્દીમાં ટોચે પહોંચી જશે.

ચિત્રકામ પ્રત્યેની રુચિ તો બરકરાક હતી જ, સાથે સાથે ધોરણ૧૧-૧૨ના ટ્યુશન અને સ્કૂલના લેસન પણ ખરા જ. આ બધીયે દોડધામમાં વિશ્વાને પોતાને પણ ખ્યાલ ન રહેતો કે એનો દિવસ કયાં પુરો થઈ ગયો. અભ્યાસનું ભારણ વધતું ગયું એમ ચિત્રકલાની તાલીમ ઓછી થઈ ગઈ. એના પપ્પા સાથે કયાંક કયારેક વાત થઈ હશે કે એને એવીએશન ક્ષેત્રમાં રસ છે તો પિતાના પ્રેમમાં લાગણીના ઉભરા છલવાયા અને એક કહેવા માંડ્યા 'મારી દીકરી તો હવે જર્મની કે ફ્રાન્સ કે અમેરિકા જઈને વિમાનોનું ભણવાની છે.' એમને પોતાને પણ એ ખબર હતી કે પોતાની ટુંકી આવકમાં એ વાત બહુ શક્ય ન હતી અને વળી દીકરી અભ્યાસમાં એટલી શ્રેષ્ઠ પણ ન હતી. થોડો સમય દીકરીને પણ કૅફ રહ્યો કે એ આવા જ કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવશે.

પરંતુ કુદરતનો - ઈશ્વરનો નિર્ણય કાંઈક જુદો હતો. ધોરણ-૧૨ની પરીક્ષાના શીડ્યુલ પહેલા વિશ્વા બિમાર પડી અને ૧૨-૧૫ દિવસ અભ્યાસમાં ધ્યાન ન આપી શકી. આખરે ધોરણ-૧૨નું પરિણામ આવ્યું ત્યારે એને માત્ર ૪૦ ટકા માર્ક્સ આવ્યા. સ્વાભાવિક છેકે મહત્ત્વની પરીક્ષાના પરિણામ વિશે માતાપિતા સ્વજનોને જાણ કરતા હોય પરંતુ અહીં કહેવા જેવું પરિણામ ન હતું એટલે વિશ્વાએ એના પપ્પાને લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું -

સમય જતાં વિશ્વાએ ચિત્રકલાના રસને થોડો ડાઈવર્ટ કરીને બ્યુટી પાર્લરની તાલીમ લીધી. મહેનત કરી, માર્ગદર્શન મેળવ્યું અને હવે ધીમે ધીમે બ્યુટી પાર્લરના ક્ષેત્રે વિશેષ ધ્યાન આપીને એ દિશામાં જ કેરીયર બનાવવા તરફ એણે એનું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિય કર્યું છે. હવે પરિવારના સભ્યોએ પણ મોટા સપના જોવાના બદલે વાસ્તવિક સ્થિતિ સ્વીકારી છે અને બ્યુટી પાર્લરના ક્ષેત્રમાં જ કારકિર્દી માટે પ્રોત્સાહિત કરી છે.



તાજેતરમાં ધોરણ-૧૨ના પરિણામો આવ્યા ત્યારે અમદાવાદના એક પરિવારમાં ઘટેલી આ ઘટના બે બાબતો તરફ વિશેષ ધ્યાન ખેંચે છે.

માતા-પિતા કે પરિવારજનો પોતાના દીકરા-દીકરીની બૌદ્ધિક ક્ષમતાની ઉપર ઊઠીને તે સ્પર્ધાત્મક જગતમાં સફળતા મેળવશે એવું માને અને પછી એવું ન થાય ત્યારે જાણે સપનાઓનો કચ્ચરઘાણ વળી જાય છે.

બીજી બાબત એ કે કોઈ એક પરીક્ષાના પરિણામમાં યોગ્ય પરિણામ ન આપતા કે નાપાસ થવાથી આખાયે જીવનની નિષ્ફળતા પ્રાપ્ત થાય છે એવું નથી. વાસ્તવિકતાનો સ્વીકાર કરવાથી એક નવી દિશા - નવી તક પ્રાપ્ત થાય જ છે અને ત્યાં પણ સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

પ્રત્યેક મા-બાપ હંમેશા ઈચ્છે કે એમના સંતાનો શ્રેષ્ઠ ભણતર પ્રાપ્ત કરે અને પછીથી સારી નોકરી કરે અથવા ધંધા-રોજગારમાં મોટું નામ અને કામ કરે. પરંતુ આ ક્ષણે બાળકનું બૌદ્ધિક સ્તર - તેનું કૌશલ્ય-તેના રસ-રૂચિ જાણવા પણ એટલા જરુરી છે. એ અનુસાર કારકિર્દી પસંદ કરાશે તો આપોઆપ જ બાળકને વિકાસ થશે એન એના રસના ક્ષેત્રમાં એ આગળ વધશે.

જીવનમાં કોઈ પણ જાણે ખરાબ પરિણામ આવવાથી પૂરેપુરા જીવનની નિષ્ફળતા પ્રાપ્ત થઈ છે એ વાત જ ખોટી છે. સમાજમાં આવી વાત ફેલાતી અટકે એ જરુરી છે. જયારે એક દરવાજો બંધ થાય છે ત્યારે બીજા અનેક દરવાજા વ્યક્તિ માટે રાહ જોતા હોય છે.

સવાલ છે પોતાના રસ-રૂચિના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો એ દિશામાં જયારે યોગ્ય નિર્ણય સાથે-આયોજનપૂર્વક ડગલા ભરાય ત્યારે ચોક્કસપણે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે અને તેના કારણે વ્યક્તિના જીવનમાં અજવાળું રેલાય છે.

*તેજપૂંજ :*

*લાગે છે જયારે કંઈ જ*
*જીવનમાં બચ્યું નથી,*
*જીવનની એ નવી જ*
*શરૂઆત હોય છે*

**- રઈશ મનીઆર**